# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-02-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ત્રિમાસિક ગાળામાં અર્થવ્યવસ્થા :

ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં દેશની અર્થવ્યવસ્થા 8.1 ટકાના દરે વૃદ્ધિ પામી હોવાનો અંદાજ છે. ભારતીય સ્ટેટ બેંક દ્વારા આજે બહાર પાડવામાં આવેલાએક સંશોધન અહેવાલમાં આ વાત જણાવવામાં આવી છે. અહેવાલ મુજબ, ઉચ્ચ આવર્તન સૂચકાંકો સૂચવે છે કે 31 ડિસેમ્બર 2025ના રોજ પૂરા થયેલા આ સમયગાળામાં આર્થિકપ્રવૃત્તિ સ્થિતિસ્થાપક રહી હતી. તેમાં નોંધવામાં આવ્યું છે કે વૈશ્વિક અવરોધો છતાં અર્થતંત્રએ મજબૂત વૃદ્ધિ ગતિ જાળવી રાખી છે. અહેવાલમાં જણાવાયું છે કે ગ્રામીણ વપરાશ હજુ પણ મજબૂત રહ્યો છે, જેને કૃષિઅને બિન-કૃષિ ક્ષેત્રોમાં પ્રોત્સાહક વલણો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

--------------------------------------------------------------------------------

## હવામાન :

હવામાન વિભાગ દ્વારા આજે કચ્છ-સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. મોટા ભાગના જિલ્લાઓ માટે ગ્રીન એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે આ અંગે વધુ માહિતી આપી હતી.

--------------------------------------------------------------------------------

## પોલીસ મથકોમાં સામુહિક બદલી :

પૂર્વ કચ્છ પોલીસ વડા દ્વારા જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા 70 જેટલા પોલીસ કર્મચારીઓની સામૂહિક બદલીના આદેશ આપવામાં આવ્યાછે. ગઈકાલે સોમવારે સવારે પોલીસ ઇન્સ્પેકટર અને પોલીસ સબ ઇન્સ્પેકટર સ્તરના અધિકારીઓની બદલી થયા બાદ કર્મચારીઓની પણ મોટા પાયે આંતરિક અદલાબદલી કરવામાં આવી છે. પોલીસ તંત્રમાં કાર્યક્ષમતા વધારવા અને લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા કર્મચારીઓને નવા સ્થાને નિયુક્ત કરવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે.ભચાઉ, રાપર, ગાંધીધામ અને અંજાર સહિતના પૂર્વ કચ્છના વિવિધ પોલીસ સ્ટેશનોમાં આ બદલીઓની અસર જોવા મળી છે. આદેશ બાદ બદલી પામેલા તમામ કર્મચારીઓને તાત્કાલિક અસરથી જે તે પોલીસ મથકે હાજર થવા સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ ખાતે ફાઈરિંગ પ્રેક્ટીસ :

ભુજ તાલુકાના હરીપરની ફાયરિંગ બટ ઉપર આવતીકાલ ૨૫ ફેબ્રુઆરી એ રેન્જ નં.૦૧,૨૬ ફેબ્રુઆરીએ રેન્જ નં.૦૨ અને ૨૭ ફેબ્રુઆરીએ રેન્જ નં.03 ખાતે આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજવામાં આવશે.જેથી આ ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ ન પ્રવેશવા અને ઢોરોને પ્રવેશવા ન દેવા જણાવવામાં આવ્યું છે. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ફાયરિંગ પ્રેક્ટિસના લીધે કોઈપણ વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ કિશોરીઓને HPV રસી :

કિશોરીઓને જીવલેણ સર્વાઇકલ કેન્સરથી બચાવવા માટે ગાંધીધામ તાલુકામાં આગામી 28 ફેબ્રુઆરીએ 14 વર્ષની વયની અંદાજે 10 હજાર કિશોરીઓને HPV રસી આપવાની કામગીરી

શરૂ કરવામાં આવશે. તાલુકા આરોગ્ય શાખા દ્વારા આ રસીકરણ અભિયાનને સફળ બનાવવા માટે અત્યારથી જ તડામાર તૈયારીઓ અને સ્ટાફની તાલીમ શરૂ કરી દેવામાં આવી છે. તાલુકા આરોગ્ય અધિકારી ડો. દિનેશ સુતરીયાએ જણાવ્યું હતું કે,"આ રસીકરણ અભિયાન હેઠળ શાળાએ જતી કિશોરીઓને તેમની શાળાઓમાં જ રસી આપવામાં આવશે. આ ઉપરાંત,જે કિશોરીઓ શાળાએ નથી જતી,તેઓ નજીકના આંગણવાડી કેન્દ્રો પર જઈને આ વેક્સિન મેળવી શકશે. દરમ્યાન, સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ માટે માંડવી ઇન્નરવ્હીલ ક્લબ દ્વારા માંડવીમાં અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટી સંચાલિત વિકલાંગ કન્યા છાત્રાલયની દિવ્યાંગ કન્યાઓને રસી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## નલિયા પંચાયતની સામાન્ય સભા:

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં 4 કરોડ 64 લાખના વિવિધ વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. સામાન્ય સભામાં વર્ષ 2025-26 માટેના સુધારેલા અંદાજપત્ર અને આગામી વર્ષ 2026-27માટેના અંદાજપત્રને આખરી બહાલી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## મહિલા ક્રિકેટ:

મહિલા ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ વન ડે મેચમાં ભારતીય ટીમ સામે છ વિકેટે વિજય મેળવ્યો છે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ભારતીય ટીમે 214રન કર્યા જેમાં સ્મૃતિ મંધાનાના 58 અને સુકાની હરમન પ્રીત કૌરના 53 રન મુખ્ય હતા. જવાબમાં ઓસ્ટ્રેલીયાની ટીમે ચાર વિકેટગુમાવી 217 રન કરી મેચ જીતી લીધી હતી.

---------------------------------------------------------------------------------------